# "પ્રવેશ પરીક્ષા (મોડેલ સ્કુલ અને કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય-કે.જી.બી.વી.)"- ૨૦૨૧-૨૨

## જાહેરનામું

જાહેરનામું ક્રમાંક: એસ.એસ.એ./મોડેલ સ્કુલ / ૨૦૨૧-૨૨/ ૫૪૧૦-૫૪૮૨ તા.૦૯/૦૨/૨૦૨૧

રાજ્યના ૨૩ જિલ્લાઓમાં વર્ષ ૨૦૧૪-૧૫થી શૈક્ષણિક રીતે પછાત તાલુકાઓમાં મોડેલ સ્કૂલો, મોડેલ ડે સ્કુલો કાર્યરત છે . આ યોજના હેઠળ ધોરણ-૦૬ થી ૧૨ માં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા સંચાલિત કેજીબીવી જેમાં પ્રતિભાશાળી કન્યાઓનું નામાંકન કરવાનું થાય છે. આ ૮૪ મોડેલ સ્કુલ, મોડેલ ડે સ્કુલ અને રાજ્ય સરકાર દ્વારા સંચાલિત કેજીબીવીએ સ્કુલ ઓફ એક્શેલન્સ તરીકે વિકસાવામાં આવી રહ્યા છે.જેમાં પ્રતિભાશાળી બાળકોના પ્રવેશ માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા "કોમન એન્ટ્રન્સ ટેસ્ટ(પ્રવેશ પરીક્ષા)"નું આયોજન કરવામાં આવેલ છે.

- કોમન એન્ટ્રન્સ ટેસ્ટનો કાર્યક્રમ

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | તા. ૦૯/૦૨/૨૦૨૧ |
| ૨ | www.sebexam.org વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | તા. ૦૯/૦૨/૨૦૨૧ના બપોર ૧૫:૦૦ કલાકેથી તા.૨૨/૦૨/૨૦૨૧ ના ૨૩:૫૯ કલાક સુધી |
| ૩ | Online પરીક્ષાની તારીખ | એપ્રિલ માસમાં આયોજન કરેલ છે. |

આ કસોટી માટેની હોલ ટીકીટ (પ્રવેશપત્ર) ડાઉનલોડ કરવાની તારીખો અને કસોટીની તારીખ અંગે ઓનલાઈન www.sebexam.org વેબસાઇટ પર જાણ કરવામાં આવશે.

### ❖ વિદ્યાર્થીની લાયકાત:

- જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ - ૫, ૬, ૭ અને ૮ માં સરકારી પ્રાથમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા), ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તથા ખાનગી સંસ્થામાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ "કોમન એન્ટ્રન્સ ટેસ્ટ" આપી શકશે.

### ❖ પરીક્ષા ફી:

- કોમન એન્ટ્રન્સ ટેસ્ટ માટે ફી ભરવાની થતી નથી.

### ❖ કસોટીનું માળખું:

- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (Multiple Choice Question-MCQ Based) રહેશે.

- આ કસોટીઓના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી. પ્રશ્નોપત્રનો અભ્યાસક્રમ જે – તે આગળના ધોરણનો અભ્યાસક્રમ પાઠ્યપુસ્તક આધારિત રહેશે. (એટલે કે ધોરણ ૬ની પ્રવેશ પરીક્ષા માટે ધોરણ – ૫નો અભ્યાસક્રમ)

❖ **કસોટી/પરીક્ષા કેન્દ્ર:**

- કસોટી/પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવારની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકુળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કસોટી/પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે. ઉમેદવારે બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપવાની રહેશે.

❖ **પ્રશ્નપત્રના માધ્યમ:**

- ધોરણ ૬ થી ૮ના બાળકો ગુજરાતી માધ્યમના પ્રશ્નપત્રો મળશે.

❖ **ઓનલાઇન અરજી કરવાની રીત:**

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે.ઉમેદવાર તારીખ: ૦૯/૦૨/૨૦૨૧ના બપોર ૧૫:૦૦ કલાકેથી તા.૨૨/૦૨/૨૦૨૧ (રાત્રે ૨૩.૫૯ કલાક સુધી) દરમિયાન www.sebexam.orgપર અરજીપત્રક ભરી શકાશે.ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના ક્રમને અનુસરવાનો રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજી ભાષામાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- 'Apply online ' ઉપર Clickકરવું.
- Apply Now પર Click કરવાથી Application Form દેખાશે.
- ત્યારબાદ શાળામાં આ પરીક્ષા આપવા માગતા વિદ્યાર્થીની વ્યક્તિગત માહિતી ભરવાની રહેશે.આ માટે વિદ્યાર્થીના યુનિક આઇડી નંબરનો ઉપયોગ કરવાનો રહેશે.
- મોડેલ સ્કુલ તથા કેજીબીવી ના બાળકોને જે શાળા માં પ્રવેશ લેવા ઇચ્છતા હોય તે મોડેલ સ્કુલ/ કેજીબીવીણી પસંદગીની પ્રાથમિકતા નક્કી કરવા માટે ઓછામાં ઓછા પંદર (૧૫) અથવા (૧૫) થી વધુ વિકલ્પ આપવાના રેહશે.
- એક કરતા વધુ ફોર્મ ભરેલા હશે ત્યારે બાળકનું છેલ્લું ફોર્મ માન્ય ગણાશે.
- જો વિદ્યાર્થી પાસે Student U-DISE Number ન હોય તો આવા વિદ્યાર્થીએ હાલ જે શાળામાં અભ્યાસ કરતો હોય તે શાળાના આચાર્યશ્રી પાસે મેળવવાનો રહેશે.
- જો ફોર્મ ભરતી વખતે કોઈપણ વિદ્યાર્થી નામ, અટકમાં કોઇ ભૂલ હોય અથવા આધાર ડાયસ નંબર નાખતા વિદ્યાર્થીનું નામ ના દેખાય તો વિદ્યાર્થી હાલ જે શાળામાં અભ્યાસ કરતો હોય તે શાળાના આચાર્યશ્રીનો સંપર્ક કરી વિદ્યાર્થીના આધાર ડાયસ નંબરની વિગતમાં આચાર્યશ્રી દ્વારા સુધારો કરવાનો રહેશે. સુધારો થયાના ૪૮ કલાક બાદ આવેદનપત્ર ભરી શકાશે.

- આવેદન પત્ર ભરવાના છેલ્લા દિવસમાં આધાર ડાયસની કોઇપણ ભૂલ વિગતમાં કરાયેલ સુધારો ધ્યાને લેવામાં નહીં આવે આથી ફોર્મ ભરનારે આવેદન પત્રની સમયમર્યાદા ધ્યાને લઇ અધાર ડાયસમાં સુધારો કરવાનો રહેશે.સુધારા કરવાની જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે.
- હવે Submit & confirm પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં Confirmation Number મળશે. જે સાચવીને રાખવાનો રહેશે.
- ત્યાર બાદ Print Application Form પર click કર્યા બાદ વિદ્યાર્થી નો Confirmation Number જન્મતારીખ નાખીને Submit પર click કરવું ત્યાર બાદ Print Application પર click કરવું જેથી Application download/Print કરી શકાશે.

## ❖ અગત્યની સુચના :

1. આ પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઇન ફોર્મ જ માન્ય રહેશે. તે દરેક વિધાર્થીએ ધ્યાને રાખવું.
2. હાલ કેજીબીવી, મોડેલ સ્કુલ અને મોડેલ ડે સ્કુલમાં ભણતા બાળકો પ્રવેશ પરીક્ષા માટે અરજી કરવાની થતી નથી.
3. મેરીટ મુજબ જ બાળકોનું એડમીશન થશે.
4. આ પ્રવેશ પરીક્ષામાં ઓછામાં ઓછુ ૫૦% પરિણામ લાવવું અનિવાર્ય છે.
5. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઇટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
6. ઓનલાઇન અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો અંગે રાજ્યપરીક્ષા બોર્ડ દ્વારા ખરાઇ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી તેમજ અન્ય વિગત માટે ઉમેદવાર પોતે જ જવાબદાર રહેશે.
7. આ કસોટી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ. ગાંધીનગર દ્વારા આવેદનપત્ર ઓનલાઇન ભરવામાં આવે છે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો ઉમેદવાર દ્વારા છુપવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું બોર્ડને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા લેશે.
8. ધોરણ- ૫ થી ૮ બાળકોના ફોર્મ મોડેલ સ્કુલની શાળામાં, બી.આર.સી.ભવન અને સી.આર.સી. ભવનમાં તથા જે – તે બાળકની શાળામાંથી પણ તદ્દન મફતમાં ભરવામાં આવશે.
9. ઉમેદવારે વેબસાઇટ પર ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાનું રહેશે.
10. હોલ ટીકીટની જાણકારી આપના રજીસ્ટર મોબાઇલમાં પર એસએમએસ દ્વારા જાણ કરવામાં આવશે અથવા આપના દ્વારા વેબસાઇટ ચેક કરતા રહેવું પડશે.
11. ઉમેદવારે હોલટીકીટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે/પાછળ આપેલી સુચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો. હોલટીકીટ સાથે પરીક્ષા વખતે આપવામાં આવતી OMR શીટનો નમુનો પણ વેબસાઇટ પર મુકવામાં આવશે. આ OMR શીટના નમુના પર છાપેલ તમામ સૂચનોને વિગતવાર અભ્યાસ કરવો ખુબ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઇ ગુંચવણ ઉભી ન થાય.

12. હોલ ટીકીટની કોપી કાઢયા બાદ વિધાર્થીઓને શાળામાં અભ્યાસ કરતા હોય તે શાળાના આચાર્યશ્રીના સહી, સિક્કા તેમજ બાળકે પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો હોલ ટીકીટ પર ચોટાડવાનો રહેશે.
13. રાજ્યપરીક્ષા બોર્ડ દ્વારા લેવાઇ રહેલ આ કસોટી બાબતે ઉમેદવારને લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઇ પણ જાતની લાગવગ લાવનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
14. ઉક્ત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય ચાલુ કામકાજના દિવસે શાળા સમય દરમિયાન મોડેલ સ્કુલના આચાર્યોશ્રીનો સંપર્ક કરી શકાશે.

સ્થળ:- ગાંધીનગર
તારીખ:૦૯/૦૨/૨૦૨૧

એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**નકલ રવાના અમલ અર્થે :-**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી – તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી –તમામ
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ – ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી – ગાંધીનગર
- જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ – બી, ઉધોગ ભવન, ગાંધીનગર
- આચાર્યશ્રી, મોડેલ સ્કુલ અને ૧૨ મોડેલ ડે સ્કુલ અને રાજ્ય સરકાર દ્વારા સંચાલિત કેજીબીવી (જિલ્લા પ્રોજેક્ટ કૉ-ઓડીનેટર) જરૂરી કાર્યવાહી કરવા સારું

**નકલ સવિનય રવાના જાણ સારૂ :-**

- માનનીય સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગાંધીનગર